**આંક: ૧ હેઠળ હુકમ :–** સમરી કેસ (ઈલેકટ્રીસીટી) નં. ૧૯/૨૦૨૩

(૧) સદર સમરી આજરોજ હાથ પર લેવામાં આવેલ છે.

(૨) સદર કામે આરોપી વિરૂધ્ધ ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ૧૩૫(૧) મુજબના ગુના સબબ જી.યુ.વી.એન.એલ.પો.સ્ટે.ગોધરા ફર્સ્ટ ગુના રજી.નં.૧૪૭૮/૧૮થી ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે.

(૩) રેકર્ડ ધ્યાને લેતાં આરોપીએ પુરવણી બીલની રકમ તથા કમ્પાઉન્ડીગ ચાર્જની રકમ ભરપાઈ કરી દેતાં મ.ગુ.વિ.કં.લી.ની સંબધિત પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેરશ્રી (સ.અને નિ.) તરફથી પી.આઈ.શ્રી જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે. ગોધરાને પત્ર પાઠવી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ – ૨૦૦૩ ની કલમ – ૧૫૨ ની જોગવાઈનુ પાલન થયેલ હોઈ પોતે ફરીયાદ માંડી વાળતા હોઈ અને આગળ ચલાવવા માંગતા ન હોઈ ગુનાની કાર્યવાહી બંધ કરવા રજુઆત કરેલ છે જે પત્ર આધારે પી.એસ.આઈ શ્રી જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે, ગોધરા તરફથી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ – ૨૦૦૩ ની કલમ – ૧૫૨ મુજબ ગુનો માંડવાળ કરવા અને કેસના કાગળો દફતરે કરવા હાલની સમરી ભરેલ છે.

(૪) સરકારી વકીલશ્રી દાહોદ તરફથી આંક–૨ ની પુરશીશ રજૂ કરી તેમાં જણાવેલ કારણોસર સદર સમરી મંજૂર કરવા જણાવેલ છે.

(૫) વીજ ચોરીની રકમ કમ્પાઉન્ડ ચાર્જ સાથે ભરપાઈ થઈ ગયેલ હોય ત્યારે ધી ઈન્ડીયન ઈલેકટ્રસીટી એકટ ૨૦૦૩ ની કલમ –૧૫૨ મુજબ આવા કેસો કમ્પાઉન્ડ થઈ શકે છે. જેથી આરોપી વિરૂધ્ધની કાર્યવાહી આગળ ચલાવવી જરૂરી નથી અને સદર કાયદાની કલમ ૧૫૨(૩) હેઠળ જયારે ફરીયાદપક્ષે સમરી મંજુર થવા સામે વાંધો ન હોય તો હાલના કેસમાં કોગ્નીઝન્સ લેવાની જરૂરીયાત ન હોઈ માંડવાળ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૧ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ ના રોજ જાહેર કર્યો.

તા. ૧૧/૦૨/૨૦૨૩ (કમલ એમ.સોજીત્રા)
સ્થળ : દાહોદ. સેશન્સ જજ, દાહોદ